

વિરતલાવડી ગામે મેરી માટી મેરા દેશ અંતર્ગત દેશની માતૃ ભૂમિ રક્ષા કરનાર વીર જવાનો ના સન્માન થી માહોલ દેશભક્તિમય બન્યો ગામમાં જવાનોના માનમાં જયહિન્દ ના નારા તથા સૂત્રો બેનરો સાથે રેલી યોજાઈ ડ ભોડા પોલીસ સ્ટાફ તેમજ ગ્રામજનોએ વિર જવાનોનું સન્માન કરાયું ગ્રામપંચાયત ખાતે ફરજ બજાવતા તલાટી કમ મંત્રી અતુલ પ્રજાપતિ પોતે નિવૃત આર્મીમેન હોવાથી તેમનું સન્માન સરપંચ ચંદ્રેશ ભાઈ પરમારના હસ્તે કરવામાં આવ્યું ત્રિરંગા ના રંગથી સમગ્ર સ્થળને સજાવા આવતા અનોખું વાતાવરણ અને દશ્ય નયનરમ્ય બન્યું હતું

# ભાજપ મહિલા મોરચા દ્વારા વાવોલ ખાતે વન ભોજનનો કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, તા. ૯ ઓગસ્ટ બુધવારના રોજ શહેર ભાજપ મહિલા મોરચા દ્વારા ખોડિયાર માતા મંદિર, વાવોલ ખાતે વનભોજનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં પ્રદેશ મહિલા મોરચા ઉપપ્રમુખ અને ઉત્તર ઝોન પ્રભારી અરુણાબેન, ગાંધીનગર મહાનગર પ્રભારી મીનાક્ષીબેન, પ્રમુખ પ્રિયા પટેલ, મહિલા કોર્પોરેટરો, મહિલા મોરચાના તેમજ સ્થાનિકબહેનો ઉપસ્થિત રહ્યા હતાં.

સૌ એ સાથે ભોજન લીધા બાદ સંગીત ખુરશી સહિતની રમતોનો આનંદ ઉઠાવ્યો હતો તેમજ કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ અંગે વાર્તાલાપ કર્યો હતો.

# વાવોલની એસબીઆઈમાં પાસબુક પ્રિન્ટરમાં તકલીફોથી ગ્રાહકો પરેશાન



ગાંધીનગર, તા. ૧૦

આજના ડિજિટલ ટેક્નોલોજી અને ઝડપી લાઈફ સ્ટાઈલના યુગમાં રોજબરોજની સેવાઓમાં જો જરૂરિયાત કરતાં વધુ સમય વેડફાય તે કોઈને પોસાય એવુ નથી. વાવોલ હવે શહેરનો ઝડપથી વિકસિત રહેલો વિસ્તાર બન્યો છે અને આ વિસ્તારમાં ખુબ જ મોટી સંખ્યામાં નવા પરિવારો વસવાટ કરવા આવ્યાં છે અને હજુ આવી રહ્યાં છે. શહેરના "ક" માર્ગ પર હોટેલ લીલા સામેના વિસ્તારમાં સ્થિત સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની શાખા આ પરિવારોના બેંકિંગ કામકાજ માટે આશીર્વાદરૂપ બની રહી છે પરંતુ છેલ્લાં ઘણાં સમયથી આ શાખામાં ગ્રાહકોની સુવિધા અને ઝડપી સેવા માટે મુકવામાં આવેલા ઓટોમેટિક પાસબુક પ્રિન્ટર મશીનને કારણે બેંકના ગ્રાહકો પરેશાનીનો ભોગ બની રહ્યાં છે. કર્મચારીઓ પર લોડ ઓછો કરવા અને ગ્રાહકોનું કામ ઝડપી બને તે હેતુથી મુકવામાં આવેલું આ મશીન ઘણી વાર બરાબર ચાલતું નથી અને ચાલે તો ક્યારેક ગ્રાહકોની પાસબુકમાં જૂની એન્ટ્રીઓ છપાવા લાગે છે જેના કારણે ગ્રાહકોના સમય અને બેંકના સંસાધનોનો વ્યય થાય છે. ગ્રાહકો પોતાની નોકરી કે ધંધા-રોજગારમાંથી માંડ મર્યાદિત સમય લઈને બેંકનું કામ પતાવવા આવ્યાં હોય પરંતુ તેઓ પાસબુક પ્રિન્ટરના ડખાને કારણે સલવાઈ જતાં જોવા મળી રહ્યાં છે અને તેના કારણે ગ્રાહકો માનસિક હેરાનગતિનો ભોગ પણ બની રહ્યાં છે. સત્વરે બેંક દ્વારા આ સમસ્યાનો ઉકેલ લાવવામાં આવે તેવી આ શાખાના નિયમિત ગ્રાહકોમાં લાગણી વર્તાઈ રહી છે.

# ભોજલરામ મંદિરના ૨૩માં પાટોત્સવ તેમજ ૩૫માં વિદ્યા પુરસ્કાર સમારંભનું આયોજન

## સૌરાષ્ટ્ર લેઉવા પટેલ મિત્ર મંડળ અને શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજના સંયુક્ત ઉપક્રમે કરાયું આયોજન

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરની સંસ્થા શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ મિત્ર મંડળ અને શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજના સંયુક્ત ઉપક્રમે આગામી તારીખ ૧૯મી ઓગસ્ટના રોજ સેક્ટર ૭સી ખાતે સવારે ૯થી ૧૧ કલાક દરમ્યાન સંત શ્રી ભોજલરામ મંદિરના ૨૩માં પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત સંસ્થા દ્વારા આગામી તા. ૨૦મી ઓગસ્ટના રોજ કોબા સર્કલ પાસેના નભોઈના ૪૮ ગામ કડવા પાટીદાર સમાજ ભવન ખાતે બપોરે ૩થી ૭ કલાક દરમ્યાન ૩૫માં વિદ્યા પુરસ્કાર સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ મિત્ર મંડળ દ્વારા આયોજિત સંત શ્રી ભોજલરામ મંદિરના ૨૩માં પાટોત્સવમાં પાટનગરના સુપ્રસિદ્ધ પંચદેવ મંદિરના શાસ્ત્રી શ્રી નીલકંઠ ફુલશંકર પાટોત્સવ વિધિ કરાવશે. જ્યારે બીજા દિવસે યોજાનારા ઈનામ વિતરણ સમારંભમાં કડી સર્વ વિદ્યાલયના પ્રમુખ અને સર્વ વિશ્વવિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન વલ્લભભાઈ પટેલ સમારંભના અધ્યક્ષ તરીકે ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત અતિથિ વિશેષ પદે અમદાવાદથી સરદાર ધામના પ્રમુખ સેવક ગગજીભાઈ સુતરીયા અને રાજસ્થાનના ડુંગરપુર સ્થિત પાટીદાર સમાજ ચેરીટેબલ ટ્રસ્ટના સાગવાડા ખાતેના વિદ્યાનગર શિક્ષા સંકુલના અધ્યક્ષ ડાહ્યાલાલ પાટીદાર ઉપસ્થિત રહેશે. વિદ્યા પુરસ્કાર સમારંભ સાથે સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે તેવું મિત્ર મંડળના પ્રમુખ ગોવિંદભાઈ નસીત તથા સેવા મંડળના પ્રમુખ કિશોરભાઈ શેલડીયાની અખબારી યાદીમાં જણાવ્યું છે.

# કલાગુર્જરીના "આપણું મળવું ગઝલ કહેવાય છે" કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા. ૧૦

મસ્તી અને મિજાજથી ગવાય તે ગઝલ, અસલની દાદથી ઝીલાય તે ગઝલ અને છંદ, કાફિયા-રદીફ શેરની સેર અનહદ ભાવથી ગુંચાય તે ગઝલ કહેવાય છે. આઝાદીના અમૃત મહોત્સવ તથા સાંસ્કૃતિક ધરોહર અંતર્ગત ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી કલાગુર્જરી - ગાંધીનગર દ્વારા ગઝલથી છલોછલ મહેફીલ - એ - મૌસીકી સમો કાર્યક્રમ "આપણું મળવું ગઝલ કહેવાય છે"નું તા. ૧૨ ઓગસ્ટ રાત્રે ૯-૦૦ કલાકે સેકટર-૧૨માં વિશ્વકર્મા મંદિરની સામે સૌરાષ્ટ્ર કડવા પટેલ સમાજ સેવા ટ્રસ્ટ ખાતે યોજવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં આપણી ભાષાનાં માતબર શાયરોની મશહૂર ગઝલોને નિશા ઉપાધ્યાય કાપડિયા અને કલ્યાણી કૌઠાળકર મિજલસી અંદાઝમાં સ્વર અને સૂરથી બયાં કરશે

શબ્દસુરા અને ધુરા કવિ તુષાર શુક્લ સંભાળશે તેમજ સલીલ મહેતા અને ભૂષણ ઓઝા ગઝલ પઠન કરશે.

# બેબી-લાયન પ્રિ-સ્કૂલના પાંચ વર્ષથી નાની વયના બાળકો દ્વારા યોજાયો વૃક્ષારોપણનો કાર્યક્રમ



" નાના બાળકોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃકતા લાવવા અને હરિયાળી ધરતી બનાવવા માટે સરગાસણ વિસ્તારની બેબી-લાયન પ્રિ-સ્કૂલના પાંચ વર્ષથી નાની વયના બાળકો દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજી પર્યાવરણના જતન માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ ખરેખર પ્રેરણાદાયક હતો કારણ કે તે પ્રિ-સ્કૂલના સહયોગથી એક વાલી દ્વારા યોજી આવા નાના ભૂલકાઓ માટે વૃક્ષોથી આચ્છાદિત લીલાછમ અને સ્વસ્થ ભવિષ્યની કામના કરવામાં આવી હતી.

# આજે સરકારી વાણિજ્ય કોલેજમાં રાજ્ય કક્ષાની વિવિધ સ્પર્ધાઓનું આયોજન

ગાંધીનગર, તા. ૧૦

‘‘આઝાદી કા અમૃત મહોત્સવ’’ અંતર્ગત શિક્ષણ વિભાગ સંલગ્ન ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી

તથા રાજ્ય એન.એસ.એસ. સેલ દ્વારા તારીખ ૧૧મી ઓગસ્ટ શુક્રવારના રોજ બપોરે ૩ કલાકે ગાંધીનગરના સેક્ટર-૧૫ ખાતેની સરકારી વાણિજ્ય કોલેજમાં રાજ્ય કક્ષાની ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા અને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સમારંભના અધ્યક્ષ પદે ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલ તેમજ પ્રાથમિક, માધ્યમિક, પ્રૌઢ અને ઉચ્ચ શિક્ષણ વિભાગના રાજ્ય કક્ષાના મંત્રી પ્રફુલ્લકુમાર પાનસેરિયા અતિથિ વિશેષ પદે ઉપસ્થિત રહેશે.

# પુસ્તકપ્રેમીઓએ પુસ્તક પરબની મુલાકાત લઈ ગમતાં પુસ્તકો મેળવ્યાં



ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરમાં છેલ્લાં નવ વર્ષ ઉપરાંતથી દર મહિનાના પ્રથમ રવિવારે પુસ્તક પરબ યોજવામાં આવે છે. ઓગસ્ટ માસની પુસ્તક પરબમાં ખૂબ મોટી સંખ્યામાં પુસ્તકપ્રેમી વડીલો, બહેનો, વિદ્યાર્થીઓ, યુવાઓ ઉમટ્યા હતા. લગભગ ૩૦૦ ઉપરાંત ભાવકોએ પુસ્તક પરબની મુલાકાત લીધી હતી. ભાવકોએ પોતાની પસંદગીના પુસ્તકો અને સામયિકો ભેટમાં મેળવ્યાં હતાં. આ પુસ્તક પરબ દરમ્યાન ૨૪૦ પુસ્તકો અને ૭૦ સામયિકો મળી કુલ ૩૧૦ ની જાવક થઈ હતી,જ્યારે ૧૬૨ પુસ્તકો અને ૮૬ સામયિકો મળી કુલ ૨૪૮ ની આવક થઈ હતી. માતૃભાષા અભિયાનના ઉપક્રમે અને આત્મન ફાઉન્ડેશનના સહયોગમાં આ પરબ ચલાવવામાં આવે છે. પુસ્તક પરબ આયોજનમાં પ્રજ્ઞાબેન પટેલ, રણછોડભાઈ પરમાર, રોહિણીબેન પરમાર, આશાબેન સરવૈયા, ગજેન્દ્રસિંહ વાઘેલા, અશોકભાઈ ત્રિવેદી, કિન્નરીબેન ત્રિવેદી, અજય ઉપાધ્યાય, સમીરભાઈ રામી, તાહિરભાઈ, જે.કે.પ્રજાપતિ , એન.પી. થાનકી, તરુણભાઈ, દિશાંત ગર્ગ, હેપ્પી યુથ ક્લબના મિત્રો વગેરે જોડાયા હતા.

# જે. બી. પ્રાઈમરી સ્કૂલનાવિદ્યાર્થીઓ દાંડી કુટીરની મુલાકાતે



ગાંધીનગર, તા. ૧૦

તા. ૯-૮-૨૦૨૩ ને બુધવાર ના રોજ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે. બી. પ્રાયમરી સ્કૂલના ધોરણ ૭ના ૩૨૦ જેટલા વિદ્યાર્થીઓએ દાંડી કુટીરની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ ગાંધી જીવન ચરિત્ર વિશેની રસપ્રદ માહિતી મેળવી હતી. વિદ્યાર્થીઓએ દાંડી કુટીર ના પ્રદર્શનને નિહાળી મહાત્મા ગાંધીના જીવન મૂલ્યોને પોતાના જીવનમાં સ્થાન આપી એક સારા નાગરિક તરીકે ફરજો સમજી રાષ્ટ્ર માટે વ્યસન મુક્તિ, સત્ય, અહિંસા, અને સ્વચ્છતા ના મૂલ્યોને મહત્વ આપી ઉચ્ચ જીવન જીવવાની શીખ મેળવી હતી. દાંડી કુટીર ના સંચાલકશ્રીઓ તથા કર્મચારી ગણનો ખુબ જ સારો સહકાર પ્રાપ્ત થયો તે બદલ શાળાના આચાર્યા શ્રીમતી નીવાબેન પટેલે તેમનો આભાર વ્યક્ત કર્યો છે.

# બેંક ઓફ ઈન્ડિયાના મેગેઝિન "રણ તારા"નું અનાવરણ



ગાંધીનગર, તા. ૧૦

બેંક ઓફ ઈન્ડિયાના ગાંધીનગર ઝોનલ ઓફિસના ઓડિટોરિયમમાં કાર્યકારી નિયામક એમ. કાર્તિકેયન દ્વારા ઝોનના ઓનલાઈન હોમ મેગેઝિન "રણ તારા" ના વર્ષઃ૨-અંકઃ૧નું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ સાથે જનરલ મેનેજર NBG ગુજરાત શુભેન્દુ કુમાર બેહેરા, ડેપ્યુટી જનરલ મેનેજર NBG ગુજરાત પી.ટી.કે.વિનોદન, ઝોનલ મેનેજર મનીષ કુમાર ફુલરે, ડેપ્યુટી ઝોનલ મેનેજર બી.વી.ચાવડા, BOIના ઓફિસર્સ એસોસિએશન ગુજરાત યુનિટના જનરલ સેક્રેટરી શ્વેતાંગ ત્રિવેદી, SC/ST/OBC વેલ્ફેર એસોસિએશનના રાષ્ટ્રીય મહામંત્રી મનોજ ગોહિલ પણ ઉપસ્થિત રહ્યાં હતા.



ગુજરાતના પાટનગર ગાંધીનગરથી વર્ષ ૧૯૮૬થી પ્રસિદ્ધ થતાં સુપ્રસિદ્ધ દૈનિક અખબાર ગાંધીનગર સમાચારના તંત્રી, માલિક, મુદ્રક તરીકે મીડિયા ક્ષેત્રમાં પ્રવેશ બદલ કેતનભાઈ પટેલને શહેરના બ્રહ્મસમાજના અગ્રણીઓએ શુભકામનાઓ પાઠવી હતી. આ સાથે જાણીતા સાહિત્યકાર અને કટારલેખક સંજય થોરાતે પણ શુભકામનાઓ પાઠવી હતી.

# ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં પ્રિ-પ્રાઈમરી વિભાગ દ્વારા‘કલરીંગ કોમ્પિટીશનનું આયોજન



ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલ, રાંધેજા માં પ્રિ-પ્રાઈમરી વિભાગમાં બુધવારના રોજ ‘કલરીંગ કોમ્પિટીશન‘ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોએ રાષ્ટ્રીય ચિન્હોમાં કલર કરીયા.



ઉમિયા શરણમ મમ ની ધુન અધિક શ્રાવણ માસમાં સમાજની મહિલા ટીમ દ્વારા ૧૦/૦૮/૨૦૨૩ અને તા.૧૧/૦૮/૨૦૨૩ ના રોજ બે દિવસ બપોરે ૩.૩૦ થી ૫.૩૦ કલાક ધુન ચાલનાર છે, તેના પ્રથમ દિવસે ધુન ઉમિયા માતાજી મંદિર ખાતે યોજાયેલ તેમાં સમાજની મહિલાઓ અને ભાવિક ભક્તજનોએ લાભ લઈ મા ઉમિયાની પ્રચંડ ધુન ભક્તિ કરેલ અને આવતી કાલ ધુન કરવા માટે પધારવા મહિલા કન્વીનર સુધાબેન અને કૈલાશબેન દ્વારા સમાજ વતી આમંત્રણ છે....

# સે. ૭માં ચૌધરી પ્રા. વિદ્યાલય ખાતે ‘મારી માટી મારો દેશ’ કાર્યક્રમ યોજાયો

(તસવીરઃ શૈલેન્દ્ર સોલંકી )



ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના સે. ૭ માં શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલયમાં ‘મારી માટી મારો દેશ’ નિમિત્તે શહીદ વીરના માતૃશ્રીનું સન્માન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.‘આઝાદી કા અમૃત મહોત્સવ’ અંતર્ગત ૯ ઓગષ્ટ તાંબાના કળશમાં માટી અને પાણી ભરી છોડવાઓ સાથે શાળાના ૩૦૦ બાળકોએ રેલી કાઢી હતી. તેમજ તા. ૧૦ ઓગષ્ટના રોજ શહીદ ચૌધરી વિનોદભાઈના માતૃશ્રીનો સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો. જેમાં બાળકોએ દેશભક્તિગીત રજૂ કર્યુ. તેમજ આ અભિયાન અંતચર્ગત વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન પણ કર્યુ હતુ. આચાર્યબેન અંજનાબેને વિદ્યાર્થીઓને શહીદ વિર જવાનો અને આ અભિયાનની વિશેષ માહિતી આપી હતી. છેલ્લે વિદ્યાર્થીઓને દેશની રક્ષા પ્રતિજ્ઞા અને પ્રગતિ માટે હંમેશા તત્પર રહેવાની પ્રતિજ્ઞા લેવડાવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ચૌધરી ભાવનાબેન અને ચૌધરી હંસાબેને કર્યુ હતુ.